# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લીની કચેરી, મોડાસા

ફોનઃ ૦૨૭૭૪-૨૫૦૨૦૦ જિલ્લા સેવા સદન-શામળાજી રોડ , મોડાસા –૩૮૩૩૧૫

ફેક્સ નઃ ૦૨૭૭૪-૨૫૦૨૦૨ Email:- collector-arv@gujarat.gov.in


નં.એમએજી/COVID-19/ દુકાનો મુક્તિ જાહેરનામું /વશી/૩૩૧૪થી૩૩૫૩ /૨૦૨૦ તા. ૨૫/૦૪/૨૦૨૦

**-::ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અને ધી ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ તથા ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું**

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના હુકમ : 40-3/2020-DM- I(A) તેમજ ગાઇડલાઇન

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના પત્રક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૫/૦૪/૨૦૨૦

(૩)ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ : 40-3/2020-DM- I(A) તા.૨૪/૦૪/૨૦૨૦

(૪) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના પત્રક્રમાંક: SB-1/KAV/102020/482(part-૧૦) તા.૨૫/૦૪/૨૦૨૦

(૫) ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫.

સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.૦૩.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ના નોટીફિકેશનથી સમગ્ર ભારત દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના ના જાહેરનામાથી કેન્દ્ર સરકારના તા.૨૪/૦૩/૨૦૨૦ ના હુકમથી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનું અમલ કરવાનું જણાવેલ હતું. સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19 ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહ્યા છે. તેની અસરોને નિયંત્રિત કરવા માટે તા.૧૫/૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી કેન્દ્ર સરકાર ધ્વારા લોકડાઉનનો સમયગાળો વધારવા નિર્ણય કરવામાં આવેલ છે.ત્યારબાદ પણ ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા કેટલીક માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલી છે.

ત્યારબાદ ભારત સરકારશ્રીના આમુખ (૩)ના હુકમને ધ્યાને લઇ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ ,ગાંધીનગરના તા:૨૫/૦૪/૨૦૨૦ના આમુખ (૪) થી કરેલા હુકમથી નાના- મોટા દુકાનદારો ,ધંધા વ્યવસાયકારોની દુકાનો ચાલુ રાખવા પરવાનગી આપવા નિર્ણય કરેલ છે. જે મુજબ અરવલ્લી જિલ્લામાં પણ આવા નાના- મોટા દુકાનદારો ,ધંધા વ્યવસાયકારોની ,ધંધા વ્યવસાયકારોની દુકાનો ચાલુ રાખવા પરવાનગી આપવી જરૂરી જણાય છે.

આથી હું, આર.જે.વલવી જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન , ૨૦૨૦ તથા ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકડાઉન દરમિયાન નીચે મુજબના દુકાનદારો/ ધંધાદારીઓને તેઓની દુકાન/સ્ટોર તા:૨૬/૦૪/૨૦૨૦થી ચાલુ રાખવા નીચે દર્શાવેલ શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE
એડીશનલ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ
ARAVALLI DISTRICT MODASA
અરવલ્લી ડીસ્ટ્રીક્ટ મોડાસા

Scanned by CamScanner

(૧) ગુજરાત રાજ્ય "The Shops and Establishment Act" હેઠળ નોંધાયેલ નગરપાલિકા વિસ્તારની બહારના ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં આવેલ દુઅકાનો સહિતની તમામ દુકાનો ૫૦% વર્કર સાથે ફરજીયાત માસ્ક પહેરવા અને સોશિયલ ડીસટન્સ રાખવાની શરતે ચાલુ રાખી શકાશે. પરંતુ આ વિસ્તારમાં માર્કેટ/માર્કેટ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનો ,મલ્ટી બ્રાન્ડ, સિંગલ બ્રાન્ડ મોલ ચાલુ રાખી શકાશે નહીં.

(૨) ગુજરાત રાજ્ય "The Shops and Establishment Act" હેઠળ નોંધાયેલ નગરપાલિકા વિસ્તારની હદની અંદર રહેણાંક વિસ્તારમાં આવેલી દુકાનો,એકલ દુકાનો અને આજુબાજુમાં આવેલ દુકાનો ૫૦% વર્કર સાથે ફરજીયાત માસ્ક પહેરવા અને સોશિયલ ડીસટન્સ રાખવાની શરતે ચાલુ રાખી શકાશે. પરંતુ બજાર વિસ્તારના માર્કેટ/માર્કેટ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનો ,મલ્ટી બ્રાન્ડ, સિંગલ બ્રાન્ડ મોલ ચાલુ રાખી શકાશે નહીં.

## :સ્પષ્ટતા:

- ઇ-કોમર્સ કંપનીઓ ફકત આવશ્યક ચીજવસ્તુઓ જ વેચાણ કરી શકશે.
- દારૂનું વેચાણ ( પરમીટ શોપ ) બંધ રહેશે.
- તમાકુ, પાન, ગુટખા, સીગારેટ વિગેરેની દુકાનો બંધ રહેશે.
- હેર કટીંગ સલુન/વાળંદની દુકાનો ,સ્પા,ચાની દુકાન(ટી-સ્ટોલ),ફરસાણ, ખાણી-પીણી, મીઠાઇની દુકાનો, રેસ્ટોરન્ટ, અને હોટલ બંધ રહેશે.
- જિલ્લાના જે કોઇપણ વિસ્તારમાં " Containment Zone " જાહેર કરેલ હશે કે હવે પછી જાહેર કરવામાં આવશે તેમાં કોઇપણ પ્રકારની દુકાનો ચાલુ રાખી શકાશે નહીં.
- દુકાન ચલાવતા વ્યકિત જયારે ઘરથી દુકાને અવર-જવર કરે ત્યારે The Shops and Establishment Act અન્વયે મળેલ લાયસન્સ /પ્રમાણપત્રની નકલ તથા પોતાનો ફોટો આઇ.ડી ફરજિયાત સાથે રાખવાનું રહેશે. જેથી સરળતાથી ઓળખ પ્રસ્થાપિત થઇ શકે.આ માટે અલગથી કોઇ પાસની જરૂરીયાત રહેશે નહીં.

## : શરતો:

- દુકાન પર આવનાર તમામ વ્યકિતઓએ સોશિયલ ડીસટન્સ રાખી કામ કરવાનું રહેશે. તેમજ અરજદાર માટે લઘુત્તમ અંતર જળવાય તે માટેના નિશાનો ( સર્કલ ) કરવાન રહેશે, દુકાન ઉપર ભીડ એકત્રિત ન થાય તે જોવાની જવાબદારી દુકાનદારની રહેશે.
- દુકાન પર આવનાર તમામ વ્યકિતો તથા ગ્રાહકોએ ફેસ માસ્ક/ચહેરાના રક્ષણાત્મક કવરનો ફરજિયાત ઉપયોગ કરાવાનો રહેશે. તેમજ દુકાનદારે સેનિટાઇઝરની વ્યવસ્થા કરવાની રહેશે. અથવા હાથ સાફ કરવા સાબુ, પાણી ઉપલબ્ધ કરાવવાનું રહેશે તેમજ સ્વચ્છતા રાખવાની રહેશે.
- દુકાનનું સ્થળ ભવિષ્યમાં હોટસ્પોટ/કન્ટેઇન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવેતો તાત્કાલિક બંધ કરવાનું રહેશે.
- એવા તમામ વિસ્તારો કે ગ્રાહકો /કારીગરોનો સ્પર્શ વધારે થતો હોય ,જેવા કે દરવાજાનું હેન્ડલ, ટેલીફોન, ,રેલીંગ્સ, લાઇટની સ્વીચ, દીવાલનો એરીયા તથા કોમ્પ્યુટરનો ટચ પેડ અને કી-પેડ જેવા સ્થળોનું ૧% સોડીયમ હાઇપોકલોરાઇટથી દરરોજ ડીસઇંફેકશન કરવાનું રહેશે.
- દરેક એકમો/દુકાનદારોએ સરકારશ્રીની COVID-19ની વખતોવખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- જે તે જિલ્લામાં સક્ષમ અધિકારી દ્વારા હોટસ્પોટ/કન્ટેઇન્ટમેન્ટ ઝોન જાહેર કરેલા વિસ્તારમાંથી કર્મચારી/કામદારો આવી શકશે નહી.
- કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રીની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

## :વિસ્તાર :-

આ જાહેરનામુ અરવલ્લી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારમાં લાગુ પડશે.

ADDITIONAL DISTRICT MAGISTRATE
એડીશનલ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ
ARAVALLI DISTRICT MODASA

## :અમલવારીનો સમય :-

આ હુકમની અમલવારી તા.૨૬/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ (બંને દિવસો સહિત) સુધી કરવાની રહેશે.

Scanned by CamScanner

:શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫, તેમજ એપેડેમીક ડીસીસ એકટ -૧૮૯૭ ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઇ પણ પોલીસ સબ -ઇન્સ્પેક્ટર તથા તેના ઉપરના અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી કરવી વ્યક્તિગત રીતે શકય ન હોઇ એક તરફી હુકમ કરવામાં આવે છે. તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારીયાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવિઝન,કેબલ ટીવી નેટવર્ક , તથા લોકોએકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તા.૨૫ /૦૪/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

ADDITIONAL DISTRICT MAGISTRATE
એડીશનલ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ
ARAVALLI DISTRICT MODASA
અરવલ્લી ડિસ્ટ્રીક્ટ મોડાસા

(આર.જે.વલવી )
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી મોડાસા

નકલ જયભારત સાથ રવાના :-

૧. ઉપસચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવલ્લી

૩. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરવલ્લી

૪. પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી ................. જાહેરનામાની નકલો આ સાથે મોકલેલ છે, જે આપના કાર્યક્ષત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનોના નોટીસ બોર્ડ તેમજ જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરાવી, જરૂરી પગલા લેવા તથા જરૂરી અમલ કરાવવા તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનો તથા જાહેર સ્થળોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિ થવાનો અહેવાલ તુરતજ અત્રે મોકલી આપવા સારૂ.

૫. રજિસ્ટ્રારશ્રી, નામ.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ અરવલ્લી

૬. નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી અરવલ્લી

૭. નામ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, જ્યુડીશીયલમેજીસ્ટ્રેટશ્રીફ.ક.મોડાસા/ભીલોડા/બાયડ મેઘરજ/ધનસુરા/માલપુર

૮. નાયબ પોલીસ અધિક્ષકશ્રી મોડાસા

૯. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ્શ્રી મોડાસા, બાયડ

૧૦. એકઝીકયુડીવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ

......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ એ.પી.એ.સી.ને જાણ કરવા તથા આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવી. પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ

......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ તલાટી કમ મંત્રીઓ મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવી, આ જાહેરનામું તમામ ગામોએ પ્રસિધ્ધ કરાવી, તમામ ગામોએ પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૨. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, મોડાસા, બાયડ

૧૩. નાયબ માહિતી નિયામકશ્રી અરવલ્લી

...... આ જાહેરનામાની પાંચ નકલો સામેલ રાખી મોકલેલ છે. તો જાહેર સેવાના હિતાર્થ વિનામુલ્ય સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રશિધ્ધિ કરાવી પ્રસિધ્ધ થયેલી વર્તમાન પત્રના કટીંગની નકલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

૧૪. વ્યવસ્થાપકશ્રી ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ,વડોદરા.

૨/- જાહેરનામું ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

Scanned by CamScanner